# ઉનાવા ગામમાં વધતી પશુચોરીની રજૂઆત કરવા ગયેલા પશુપાલકો પર પોલીસનો લાઠીચાર્જ

ઊંઝા, તા. ૨

ઊંઝા નજીકના ઉનાવા ગામે દૂધાળા ઢોરોની વધતી જતી ચોરીઓ અંગે સ્થાનિક પોલીસમથકે ચૌધરી સમાજના કેટલાક લોકો રજૂઆત કરવા માટે ગયા હતા ત્યારે અચાનક મામલો તંગ બનતા પોલીસે બળપ્રયોગ કરતાં ભારે નાસભાગ મચી જવા પામી હતી.

ઊંઝા નજીકના ઉનાવા ગામે છેલ્લા કેટલાક સમયથી ખેતરો અને વાડાઓમાં બાંધેલ ખેડૂતવર્ગના પશુપાલકોના દુધાળા ઢોરોની થતી ચોરીઓના ગુનાઓને અટકાવવામાં તેમજ આવા ગુનાઓના ભેદ ઉકેલવામાં સ્થાનિક પોલીસ તંત્રની કથિત નિષ્ક્રિયતા તથા આરોપીઓને પકડીને પોલીસને સુપરત કરવા છતાં ચોરાયેલ ઢોરોનો મુદ્દામાલ પરત મેળવવામાં પોલીસની કથિત શંકાસ્પદ ભૂમિકાને લઈને નારાજ થયેલ ચૌધરી સમાજના આગેવાનો, કાર્યકરો, યુવાનો આજે સવારના સમયે ઉનાવા પોલીસમથકે રજૂઆત કરવા માટે એકઠા થયા હતા.

દરમિયાન ઉનાવા પો.સ.ઈ.ખાંટ આવતા તેમની સમક્ષ કેટલાક લોકો ઢોર ચોરી અંગે રજૂઆત કરી રહ્યા હતા ત્યારે કોઈ શખ્સે પો.સ.ઈ.ને અપશબ્દ ઉચ્ચારતા પો.સ.ઈ. ગુસ્સે ભરાયા હતા. અને તુરત વધુ પોલીસ કુમક બોલાવવા માટે સંદેશાઓ પાઠવી દીધા હતા. જેથી તુરત ઊંઝા પોલીસ ઈન્સ્પેક્ટર વાળંદ સ્ટાફ સાથે દોડી આવ્યા હતા અને તેમણે ટોળાને વિખરાઈ જવાનું કહેતા પશુપાલકો સાથે બોલાચાલી થતાં પોલીસે બળપ્રયોગ (લાઠીચાર્જ) કર્યો હતો. જેથી ભારે નાસભાગ મચી ગઈ હતી. પોલીસના બળપ્રયોગમાં કેટલાક યુવાનોને ઈજાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે. પશુપાલકોએ પોલીસની કથિત ભ્રષ્ટ નીતિરીતિ સામે ગંભીર આક્ષેપો પણ કર્યા હતા. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી સાથે ચકચાર મચી હતી.

દરમિયાન ઉપરોક્ત ઘટના સંદર્ભે ઉનાવા પોલીસે ચૌધરી જ્ઞાતિના ૮ ઈસમોના નામ સહિત ૩૦થી ૪૦ માણસોના ટોળા વિરૂદ્ધ રાયોટીંગ, પોલીસની કામગીરીમાં અડચણરૂપ થવા બાબતે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ગુનાના આરોપીઓ પૈકી ચૌધરી ચિરાગ ઈશ્વરભાઈ, ચૌધરી સંજય માંઘજીભાઈ, ચૌધરી પ્રહલાદ જેસંગભાઈ, ચૌધરી ગોવિંદ માવજીભાઈની પોલીસે ધરપકડ કરી વધુ તપાસ આરંભી છે. પોલીસ દમનને લીધે ચૌધરી સમાજના લોકોમાં રોષની લાગણી ફેલાઈ છે અને આ બાબતે આગામી ટુંક સમયમાં ઉચ્ચકક્ષાએ રજૂઆત થનાર હોવાનું જાણવા મળેલ છે.



અમદાવાદ - વડોદરા સુપર એક્સપ્રેસ હાઈવે પર ખેડા જિલ્લાના સંઘાણા ગામ પાસે એલપીજી ગેસ ભરેલી ટેન્કર પલટી ખાઈ જતા અફડાતફડી મચી જવા પામી હતી. સુરક્ષાના કારણોસર હાઈવે ઓથોરીટી દ્વારા ૨ કિ.મી. સુધીનો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો. બાદમાં નડિયાદ ફાયરબ્રિગેડે આવીને પાણીનો મારો ચલાવ્યો હતો.

# બહેડઝ ગામે બાઈક ઝાડ સાથે અથડાતા ૧નું મોત, એકને ઈજા

ઈસરી, તા. ૨

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં બુધવારના રોજ બારેક વાગ્યાના અરસામાં બહેડઝ પંચાયત પાસે રોડ સાઈડ આવેલ ઝાડ સાથે બાઈક ધડાકાભેર અથડાતા બેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાં બાઈક ચાલકનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેઠેલ ઈસમને નાની મોટી ઈજાઓ પહોંચી હતી.



મેઘરજ તાલુકાના કદવાડી ગામના રહીશ મનહર ખાતરા ડામોરે ઉ.આ. ૨૮ રહે. કદવાડી જેઓ રાજકોટ ખાતે જીઈબીમાં એપ્રેન્ટિસ કરતો હતો અને તે એક દિવસ અગાઉ રાજકોટથી પોતાના ઘરે કદવાડી ગામે આવ્યો હતો અને તે મામાના ઘરે પંચાલ ખાતે પોતાના માલીકીનું બાઈક હિરો હોન્ડા પેશન બાઈક નં. જીજે૯.સીડી.૬૮૪૮ લઈને ગયો હતો અને ત્યાંથી પોતાના મામાના દિકરા મુકેશ રામા ક્લાસ્વા સાથે મેઘરજ આવી મેઘરજથી પોતાના બાઈક ઉપર ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે બહેડજ પંચાયત પાસે અચાનક બાઈક ચાલકે પોતાનો કાબુ ગુમાવતા રોડ સાઈડ આવેલ મોટા બાવળના ઝાડ સાથે ધડાકાભેર અથડાતા બાઈકચાલક સહિત બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક ૧૦૮ને ફોન કરતા એમ્બ્યુલન્સ દ્વારા ઈજાગ્રસ્તોને મેઘરજ સાર્વજનીક હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. ત્યારે મનહરભાઈની હાલત વધુ ગંભીર જણાતા તેઓને મોડાસાની સાર્વજનીક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો ત્યારે ત્યાંના હાજર તબીબે મનહરભાઈ ખાતરાભાઈ ડામોરને મૃત જાહેર કર્યો હતો. જ્યારે તેના મામાના દિકરાને હાથના ભાગે ફ્રેક્ચર તથા નાની મોટી આજાઓ થતા સરાવરા અપાઈ હતી. આ અંગે મૃતકના ભાઈ હરીશભાઈ ખાતરાભાઈએ મેઘરજ પોલીસ સ્ટેશને અકસ્માત અંગેની ફરીયાદ નોંધાવી હતી અને મેઘરજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ભાવનાબેન પટેલે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સાઠંબા હાઈસ્કૂલમાં મંડળની બેઠકમાં ધાંધલ-ધમાલ

બાયડ, તા. ૨

બાયડ તાલુકાની સાઠંબા હાઈસ્કૂલમાં કેળવણી મંડળની બેઠક સોમવારે યોજાઈ હતી. બેઠક શરૂ થાય તે પહેલા કેટલાંક ઈસમો અંદર ઘુસી આવીને ઈસમોને મંડળના ચેરમેનને અપશબ્દો કહી, મામલો વધુ ગંભીર બનતા ટોળાએ કેળવણી મંડળના મંત્રી દશરથસિંહ રણજીતસિંહના કપડા ફાંડી નાખતા શિક્ષક જગતમાં આ મામલે થૂં...થૂં.. થવા લાગી છે. આ મામલે ધમાલ કરનાર ઈસમો વિરૂદ્ધ કેળવણી મંડળે સાઠંબા પોલીસને લેખીત ફરીયાદ આપ્યાનું જાણવા મળ્યું છે.

## બાયડ શ્રી એન.એચ. શાહ હાઈસ્કૂલનું ધોરણ-૧૦નું ગૌરવ

બાયડ, તા. ૨

બાયડ શ્રી એન.એચ. શાહ હાઈસ્કૂલનું ધોરણ-૧૦નું ઉત્કૃષ્ઠ પરીણામ આવતા આનંદ છવાયેલો હતો. શાળામાં ધોરણ-૧૦માં માર્કસને આધારે પ્રથમ દસ વિદ્યાર્થીઓમાં ઉપાધ્યાય ભુમી આર. ૯૯.૯૯ પર્સન્ટાઈલ, પટેલ સર્વાંગી એસ. ૯૯.૮૯, પટેલ આનંદ આર. ૯૯.૮૫, પટેલ સિદ્ધાર્થ એ. ૯૯.૮૩, પટેલ એશા બી. ૯૯.૮૧, નાયી રીયા જી. ૯૯.૬૮, શાહ તનય એમ. ૯૯.૫૬, શાહ સલોની એમ. ૯૯.૫૩, ભાટીયા પ્રિયા ૯૯.૫૩, પટેલ યશ્વી આર. ૯૯.૫૩ પર્સન્ટાઈલ મેળવ્યા છે.

# અરવલ્લી જિલ્લા સહકારી સંઘ દ્વારા જિલ્લા ભાજપ પ્રમુખનું સન્માન કરાયું

મોડાસા, તા.૨

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા ખાતે આજ રોજ અરવલ્લી જિલ્લા સહકારી સંઘની મળેલી બેઠકમાં સંઘના અધ્યક્ષ દ્વારા અન્ય હોદ્દેદારોની ઉપસ્થિતિમાં જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીને સંઘના અધ્યક્ષે ફૂલહાર પહેરાવી સ્વાગત અને સન્માન કર્યું હતું.

નવરચિત અરવલ્લી જિલ્લા સહકારી સંઘ અસ્તિત્વમાં આવેલ અને હાલ કાર્યરત થઈ ગયેલ અરવલ્લી જિલ્લા સહકારી સંઘ, મોડાસાના કાર્યાલય ખાતે આજે એક બેઠક યોજાઈ હતી અને આ પ્રસંગે ઉપસ્થિત સૌ હોદ્દેદારો, અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીનું જિલ્લા સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પી. પટેલે સન્માન કર્યું હતું. આ પ્રસંગે વા. ચેરમેન ભીખાજી



ડામોર, માનદ મંત્રી જગદીશભાઈ પટેલ, બોર્ડના ડીરેકટરો, જિલ્લા ભાજપ મહામંત્રી શામળભાઈ પટેલ, વિરોધ પક્ષના નેતા અને ડીરેકટર રાજુભાઈ પટેલ, મોડાસા નાગરિક બેંકના ચેરમેન વિનોદભાઈ શાહ તેમજ સંઘના ડીરેકટરો ઉપસ્થિત રહ્યા હતા.

## પાટણ-સરસ્વતી તાલુકાના છ તળાવો ઊંડા કરવા સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ

પાટણ, તા. ૨

પાટણ જિલ્લાના તાલુકાના ગામોના તળાવો ઊંડા કરવા બાબતે સંસદીય સચિવે સંબંધી જળસંપત્તિ વિભાગના મંત્રીને રજૂઆત કરી હતી. જેને પગલે મંત્રી કક્ષાએથી પાટણ અને સરસ્વતી તાલુકામાં કુલ છ તળાવોને ઊંડા કરવાની સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે. પરિણામે ગ્રામજનોની પાણી સમસ્યા મહદઅંશે નિવારી શકાશે.

પાટણ જિલ્લાના તાલુકાના આવેલા કેટલાક ગામોમાં તળાવો ઊંડા કરવા બાબતે સંસદીય સચિવ રણછોડભાઈ દેસાઈએ રાજ્યના જળસંપત્તિ મંત્રી બાબુભાઈ બોખીરીયાને લેખિત રજૂઆત કરી હતી જે રજૂઆતને સંબંધિત વિભાગે ધ્યાને લેતા તળાવોને ઊંડા કરવાની મંત્રી કક્ષાએ સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી. જેમાં પાટણ તાલુકાના સુજનીપુર ગામે સર્વે નં. ૨૮૯નું તળાવ, કીમ્બુવા ગામે સર્વે નં. ૪૩૮નું તળાવ અને રણુંજ ગામે સર્વે નં. ૮૨૩નું તળાવ જ્યારે સરસ્વતી તાલુકામાં મોરપા ગામે સર્વે નં. ૩૦૧નું તળાવ, મોટા નાયતા ગામે સર્વે નં. ૮૫નું તળાવ, તેમજ સાણોદરડા ગામે સર્વે નં. ૪૯૦નું તળાવનો સમાવેશ થાય છે.

# ભિલોડાના જેસીંગપુર ગામે બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા

ભિલોડા,તા.૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના જેસીંગપુર ગામમાં એક બંધ મકાનમાં મધ્યરાત્રે અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા. રૂા.૯૬,૦૦૦/- ના સોના-ચાંદીના ઘરેણાંની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસએ અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ભિલોડા પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા ડોગ સ્કવોર્ડ બોલાવાઈ હતી. ભિલોડા તાલુકાના જેસીંગપુર ગામના રહેવાસી કોદરભાઈ સુકાભાઈ ડાભીના બંધ મકાનમાં અજાણ્યા તસ્કરો મધ્યરાત્રે ત્રાટક્યા હતા. તસ્કરોએ બંધ મકાનમાં તાળા તોડી મકાનની અંદર પ્રવેશ કરી સામાન વેરવિખેર કર્યા બાદ લોખંડના તિજોરી કબાટના તાળા તોડી (૧) સોનાનો મોટો સેટ(૨) સોનાનો નાનો સેટ (૩) સોનાની બુંટ્ટી નંગ-૩ (૪) સોનાની વીંટી નંગ-૩ સોનાના ઘરેણાના કુલ મુદ્દામાલની કિંમત રૂા. ૯૬,૦૦૦/- ની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા તાલુકાના જેસીંગપુર ગામના રહેવાસી કોદરભાઈ સુકાભાઈ ડાભીએ બંધ મકાનમાં ચોરીના બનાવ સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે. ભિલોડા તાલુકામાં દિન-પ્રતિ-દિન ચોરીઓનું પ્રમાણ વધતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ભિલોડા પોલીસ ધ્વારા નાઈટ પેટ્રોલીંગમાં વધારો કરવામાં આવે તેવી પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.

# ભિલોડામાં રાષ્ટ્રીયકૃત બેંકોમાં છેલ્લા પાંચ દિવસથી કનેક્ટીવીટી ખોરવાતા ગ્રાહકો હેરાન-પરેશાન

ભિલોડા,તા.૨

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં રાષ્ટ્રીયકૃત બેંકોમાં છેલ્લા પાંચ દિવસથી કનેક્ટીવીટી ખોરવાતા ગ્રાહકો હેરાન-પરેશાન બન્યા છે. ભિલોડામાં લાખ્ખો કરોડો રૂપિયાનું ટ્રાન્જેકશન ઠપ્પ થઈ જતાં વેપારીઓ, ખેડુતો, પેન્શનરો અને પ્રજાજનોને આર્થિક મુશ્કેલી સહન કરવાનો વારો આવ્યો છે. ભિલોડામાં દેના બેંક, બેંક ઓફ ઈન્ડીયા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા સહિત પાંચ થી વધુ ઓન લાઈન બેંકોની સેવાઓ ખોરવાતા ગ્રાહકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

ભિલોડા બી.એસ.એન.એલ. ઓફીસના ટ્રાન્સફર્મરની સિસ્ટમ બળી જતાં ગંભીર સમસ્યા સર્જાઈ છે. ભિલોડામાં રાષ્ટ્રીય કૃત બેંકોમાં લેવડ-દેવડની કાર્યવાહી ઠપ્પ થઈ જતાં ગ્રાહકો આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. ભિલોડામાં વારંવાર કનેક્ટીવીટી ખોરવાતા ગ્રાહકો ભારે મુશ્કેલીમાં મુકાતા હોય છે. ભિલોડા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા લાટી બજાર શાખાના મેનેજર ડી.જી.રાઠોડ અને સ્ટાફ ધ્વારા અલગ વિસેટ ઉપર કનેકટીવીટીનો શુભારંભ કરી ગ્રાહકોને લેવડ-દેવડ કરાવાઈ હતી.

ભિલોડામાં રાષ્ટ્રીયકૃત બેંકોમાં કનેકટીવીટીના પ્રોબ્લેમના કારણે ગ્રાહકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ભિલોડામાં સત્વરે કનેકટીવીટી ચાલું કરવામાં આવે તો ગ્રાહકોને રાષ્ટ્રીયકૃત બેંકોમાંથી લેવડ-દેવડ કરવામાં તકલીફ ન પડે તેમ ગ્રાહકો ધ્વારા જાણવા મળેલ છે. ભિલોડામાં પાંચ-પાંચ દિવસથી કનેકટીવીટી ખોરવાઈ છે પરંતુ વહીવટી તંત્ર જાણે કે કુંભકર્ણની નિંદ્રામાં પોઢ્યું હોય તેમ કનેક્ટીવીટીનો પ્રશ્ન હલ નહી કરાતાં ગ્રાહકોને ભારે મુશ્કેલીઓ સહન કરવાનો વારો આવ્યો છે.

# શામળાજીના નાપડા નજીક ટ્રકની પાછળ લકઝરી બસ ઘુસી જતા પાંચ ઈજાગ્રસ્ત

શામળાજી, તા. ૨

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા નાપડા ગામની સીમમાં ગુરવારે વહેલી સવારે ૪ વાગ્યાના સુમારે શામળાજીથી હિંમતનગર જતા ટ્રકની પાછળ રાજસ્થાન તરફથી આવતી લકઝરી બસના ચાલકે ઘુસાડી દેતા ગમખ્વાર અકસ્માત સર્જાતા ૫ લોકો ઈજાગ્રસ્ત બનતા અકસ્માતના પગલે દોડી આવેલી શામળાજી પોલીસે તમામ ઈજાગ્રસ્ત મુસાફરોને સારવાર અર્થે દવાખાને ખસેડી અકસ્માતના પગલે થયેલા ટ્રાફિક જામને પૂર્વરત કરી લકઝરી બસ ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી નજીક નેશનલ હાઈવે નં. ૮ અમદાવાદ-ઉદેપુર પર આવેલા નાપડા ગામની સીમમાં ગુરૂવારે વહેલી સવારે ૪ વાગ્યાના સુમારે ટ્રકની પાછળ લકઝરી બસ ઘુસી જતા અકસ્માત સર્જાતા ૫ મુસાફરોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. શામળાજીથી હિંમતનગર તરફ જતા ટ્રક (ગાડી નં. આરજે૨૭.જીબી.૨૫૯૬)ની પાછળ રાજસ્થાન તરફથી પૂરપાટ ઝડપે ગફલતભરી રીતે હંકારી સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી લકઝરી બસ (ગાડી નં. આરજે૦૯.બીપી.૦૦૧૮)ના ચાલકે ટક્કર મારતા લકઝરી બસના આગળના ભાગનો ભુક્કો બોલાઈ




ગયો હતો. વહેલી સવારે ગાઢ નિંદ્રામાં ઉંઘતા મુસાફરોએ અકસ્માતના પગલે ચીસાચીસ કરી મુકતા આજુબાજુથી ગામલોકો અને વાહનચાલકો દોડી આવ્યા હતા. અકસ્માતની ઘટનાની જાણ શામળાજી પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ઈજાગ્રસ્ત પામેલા શંભુલાલ ઉદયરામજી નાઈ, પુંજાબેન શંભુલાલ નાઈ બન્ને રહે. મધ્યપ્રદેશ, નરેશ પ્રકાશ કોષ્ટી (સુરત), રાજકુંવર નારાયણસીંગ પરીહાર (રતલામ), અંજુદત્તા પરીહાલ (રતલામ) તમામ લોકોને સારવાર અર્થે દવાખાને ખસેડી અકસ્માત પગલે થયેલા ટ્રાફિક જામને પૂર્વરત કરાયો હતો. સદનસીબે જાનહાનિ ટળતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતના શ્વાસ લીધા હતા. શામળાજી પોલીસે શંભુલાલ ઉદયરામજી નાઈ (રહે. લોદ, મધ્યપ્રદેશ)ની ફરિયાદના આધારે અકસ્માત સર્જી ફરાર લકઝરી બસચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

## ખેડબ્રહ્મામાં સરકારી અનાજના ગોડાઉનની અનિયમિતતા

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા અને પોશીના તાલુકાના સસ્તા અનાજના વેપારીઓને તેમનો માલ-સામાન ખેડબ્રહ્મા સ્વામીનારાયણ મંદિર પાછળ આવેલ સરકારી ગોડાઉનમાંથી સપ્લાય કરવામાં આવે છે. પરંતુ છેલ્લા એકાદ માસથી ગોડાઉન પર તંત્ર ખોરવાતા વેપારીઓને ધરમધક્કા ખાવાનો વારો આવ્યો છે. જે વેપારીઓને નિયમિત માલ મળતો હતો તેમને હવેથી મળતો ન હોવાથી ગ્રામજનોને પણ તકલીફ વેઠવી પડે છે. ઘણીવાર ગરીબ પરીવારોને ભારે મુશ્કેલી થઈ પડે છે. પોસીનાથી આવતા વેપારીઓને તો આખો દિવસ ગોડાઉન પર પસાર કરવાનો વારો આવે છે. ઘણીવાર ખાલી હાથે પાછા જઈ બીજા દિવસે આવવુ પડે છે.

## અરવલ્લી જિલ્લા એલસીબી દ્વારા ૬૩,૪૦૦નો પ્રોહી મુદ્દામાલ તથા એક આરોપી પકડવામાં મળેલ સફળતા

અરવલ્લી, તા. ૨

પોલીસ મહાનિરીક્ષકશ્રી ગાંધીનગર વિભાગ, ગાંધીનગરનાઓની સૂચનાનુસાર પ્રોહીબીશન અંગે અસરકારક કામગીરી કરવા સૂચના દરમ્યાન બાતમીદારથી માહિતી મળેલ કે કવેરીયા ગામે રહેતા ફતેસિંહ વાઘસિંહ ખાંટ રહે. કવેરીયા, તા. માલપુર, જી. અરવલ્લીનાનો પોતાના ઘરે વિદેશી દારૂ રાખી વેપાર કરે છે. જે




આપતા પોલીસ અધિક્ષક અરવલ્લી જિલ્લાનાઓ તરફથી મળેલ માર્ગદર્શન મુજબ આજરોજ ગોધરા કાંડ (ગુલબર્ગ) કેસના ચુકાદા અન્વયે નાયબ પોલીસ અધિક્ષક મોડાસા વિભાગ, મોડાસાનાઓ સાથે પેટ્રોલીંગ કરતા હતા. બાતમી આધારે પ્રોહી રેઈડ કરતા સદરીના ઘરેથી ઈંગ્લિશ દારૂ તથા બીયરની આખી પેટી નંગ ૧૭ તથા છુટી બોટલ નંગ ૭૫ મળી કુલ બોટલ નંગ. ૫૩૧ જેની કિ. રૂ. ૬૩,૪૦૦નો મુદ્દામાલ કબજે કરેલ છે.

## સિદ્ધપુર પંથકના ગુરુબ્રાહ્મણ લોકસેવક વિઠ્ઠલદાસ જોષીની શતાબ્દી પ્રસંગે ગ્રંથ વિમોચન

સિદ્ધપુર, તા. ૨

ગુરુબ્રાહ્મણ સમાજના રાષ્ટ્રીય અગ્રણી અને સમર્થ વિચારક સ્વ. વિઠ્ઠલદાસ જોષીનો જન્મ ૧૯૧૩માં થયો હતો અને એમનું અવસાન ૧૯૮૫માં થયુ હતુ. આજીવન ભેખધારી શિક્ષક તરીકે એમણે સમાજમાં ચેતના જગાવી હતી અને અસ્પૃશ્યતા સામે ઝુંબેશ ઉપાડવા ઉપરાંત પોતાના ગામ કહોડા ખાતે કેળવણીનાં અજવાળાં પાથર્યા હતા. તા. ૨૯ મે ના રોજ કહોડા ખાતે તમામ જ્ઞાતિઓના પ્રતિનિધિઓની વિશાળ હાજરીમાં જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈના વરદ હસ્તે અને પ્રમુખ સ્થાને સ્વ. વિઠ્ઠલદાસ જોષીના લખાણો અને જીવનચરિત્રના ગ્રંથ 'સમર્પિત જીવન'નું લોકાર્પણ યોજાયું હતું. ગ્રંથનું સંપાદન સ્વ. વિઠ્ઠલદાસ જોષીના સુપુત્રી અને નિવૃત્ત આચાર્યા શ્રીમતી અરુણાબહેન જોષીએ કર્યું છે. સમારંભમાં કહોડાના સરપંચ અને અગ્રણીઓ ઉપરાંત જાણીતા દલિત સર્જકો નીરવ પટેલ અને વિઠ્ઠલરાય શ્રીમાળી ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડામાં ભિલીસ્થાન ટાયગર સેના ધ્વારા શ્રધ્ધાંજલી અર્પણ કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં રાધાકુંજ હોલમાં ભિલીસ્થાન ટાયગર સેના ધ્વારા લોક ગાયિકા સ્વ.દિવાળીબેન ભીલને શ્રધ્ધાંજલી અર્પવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભિલીસ્થાન ટાયગર સેનાના હોદ્દેદારો દિપેશ ડુંડ, તસ્વીર નિનામા, મનાત ચીરાગ, કિશોર ડામોર, સતિષ ભગોરા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. લોકગાયિકા સ્વ.દિવાળીબેન ભીલના લોકગીતો, સંસ્મરણો તાજા થાય તે મુખ્ય ઉદેશો સાથે શ્રધ્ધાંજલી અર્પવાનો કાર્યક્રમ યોજાયો હતો. સ્વ.દિવાળીબેન ભીલના કોકીલ કંઠે ગવાયેલા પાપ તારૂ પ્રકાશ જાડેજા, ધર્મ તારો સંભાળ રે..., મારે ટોડલે બેઠો મોર મોર ક્યા બોલે..., હું તો કાગળીયા લખી લખી થાકી.... સહિત ૭૦૦ થી વધુ લોકગીતોનું સ્મરણ કરાયું હતું. ભિલોડા ભિલીસ્થાન ટાયગર સેનાના કાર્યકરો ધ્વારા સ્વ. દિવાળીબેન ભીલને શ્રધ્ધાંજલી અર્પવાના કાર્યક્રમને સફળ બનાવવાના ભારે જહેમત ઉઠાવી હતી.

## ધનપુરા ગામે સુંદરકાંડના પાઠ યોજાશે

વિજાપુર તાલુકાના ધનપુરા ગામે તા. ૩ જૂનના રોજ સ્વ. કાલીદાસ પટેલના નિવાસસ્થાને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા અંગે રાત્રે ૮.૦૦ કલાકે સિતારામભાઈ પટેલની વ્યાસ પીઠે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા ભાવિક ભક્તોને જણાવાયું છે.